

## (D - 89) વૈશાખ વદ અષ્ટમી દિન,

વૈશાખ વદ અષ્ટમી દિન, સ્વાધ્યાયમંદિર સુવર્ણમાં,
ગજર્યા દુંદુભીના નાદ, સ્વાધ્યાયમંદિર સુવર્ણમાં.....ટેક

કહાનગુરુના મંગળ પગલે, ભગવતી માતના વરદ્ હસ્તે,
સમયસાર સ્થાપના થાય, સ્વાધ્યાયમંદિર સુવર્ણમાં.

દેવ-દેવેન્દ્રો આજ મંગળ ગાય છે, ભારતમાં ડંકા થાય,
સ્વાધ્યાયમંદિર સુવર્ણમાં.

વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા,
લાગી ધૂન આતમાની માંહી....સ્વાધ્યાયમંદિર૦

વૈરાગી કહાને ત્યાગ જ લીધો,
કાઢ્યું અલૌકિક કાંઈ....સ્વાધ્યાયમંદિર૦

કહાનગુરુએ બંસરી બજાવી,
મીઠા એ બંસરીના સૂર....સ્વાધ્યાયમંદિર૦

મીઠા આ સૂર અહીં આવ્યા છે ક્યાંથી,
જાગ્યો છે એક કોઈ સંત....સ્વાધ્યાયમંદિર૦

ચાલો સહુ એ સુણવા જઈએ,
મીઠા આ બંસરીના સૂર....સ્વાધ્યાયમંદિર૦

અવધૂત અલખ જગાડનાર સંત આ,
દેવોને આશ્ચર્ય થાય....સ્વાધ્યાયમંદિર૦

અધ્યાત્મરસનો રસીલો સંત આ,
શ્રુતસાગર ઊછળ્યા મહાન....સ્વાધ્યાયમંદિર૦

પાક્યા છે યુગપ્રધાની સંત આ,
સેવકને હરખ ન માય....સ્વાધ્યાયમંદિર૦

એવા સંતની ચરણસેવાથી,
ભવના આવે છે અંત....સ્વાધ્યાયમંદિર૦

પંચમકાળે અહોભાગ્ય ખીલ્યાં છે,
વંદન હોજો અનંત....સ્વાધ્યાયમંદિર૦